## માર્કેટના વેપારીઓ હજી પણ પાણી કાઢી રહ્યા છે



સુરતમાં સર્જાયેલી વરસાદની પરિસ્થિતિએ વેપાર ધંધાને મોટું નુકસાન પહોંચાડ્યું છે. વરસાદ અટક્યાના ચોથા દિવસે પણ વેપારીઓ દુકાનમાંથી પાણી કાઢતા નજરે પડી રહ્યાં છે. (તસવીર : હેમંત ડેરે)

## 4 દિવસમાં 3 હજારથી વધુ ટિકિટ કેન્સલ થઈ

સુરતઃ દક્ષિણ ગુજરાતમાં 6 થી 9 જુલાઈ દરમિયાન પડેલા ભારે વરસાદને કારણે માત્ર સુરત શહેરમાંથી 3,009 મુસાફરોએ ટિકિટ કેન્સલ કરાવી, જેના બદલામાં પશ્ચિમ રેલવેને 22,42,730 રૂપિયાનું રિફંડ ચૂકવવું પડ્યું હતું. મુસાફરોએ આ ટિકિટો સુરત, ઉધના, સચિન, ભેસ્તાન અને મારોલીના PRS (પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ) કાઉન્ટર પરથી રદ કરાવી હતી. વરસાદ દરમિયાન વસઈ-વિરાર અને સચિન-ભેસ્તાન રેલ સેક્શનમાં પાણી ભરાઈ જવાને કારણે 7 અને 8 જુલાઈએ રેલ વ્યવહારને માઠી અસર થઈ હતી. ઘણી ટ્રેનો રદ કરવી પડી હતી, જ્યારે ડઝનબંધ ટ્રેનો ડાયવર્ટ કરવામાં આવી હતી. 9 જુલાઈથી ટ્રેક પર ટ્રેનોની અવરજવર સામાન્ય થઈ ગઈ હતી પરંતુ લિંક રેક સમયસર ન પહોંચવાને કારણે ઘણી ટ્રેનો કલાકો મોડી ચાલી રહી હતી. રેલવે અધિકારીઓનું કહેવું છે કે ભારે વરસાદ દરમિયાન મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને નિયમ મુજબ ટિકિટ કેન્સલેશન પર રિફંડની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવી હતી.

### ચાર-પાંચ વર્ષથી જેનાં ઘરો-દુકાનોમાં પાણી ભરાય છે તે લોકોમાં આક્રોશ

# તંત્રની ફેલ્યોર: દર વર્ષે એ જ દશ્ય... ખાડીપૂર સામે સુરત હજુ પણ લાચાર

**સમિતિઓ**, સરવે અને કરોડોના ખર્ચ છતાં કાયમી ઉકેલ નહીં

**દર** ચોમાસે લોકોના ઘરો-દુકાનોમાં ઘૂસે છે પાણી, તંત્રના આયોજન સામે સવાલો

સુરતઃ સુરત શહેરમાં વર્ષ 2020 બાદ લગભગ દર ચોમાસે ખાડીપૂરની સ્થિતિ સર્જાઇ રહી છે. મીઠી ખાડી, કાંકરા ખાડી, કોયલી ખાડી સહિતના વિસ્તારોમાં પાણી ઓવરફ્લો થતાં લિંબાયત, પરવટ-પાટિયા, વરાછા, કતારગામ અને નીચાણવાળા અનેક વિસ્તારોમાં દર વર્ષે હજારો પરિવારો અસરગ્રસ્ત બને છે. આ વર્ષે પણ ભારે વરસાદ અને ખાડીના પાણીના કારણે રહેણાંક વિસ્તારો, દુકાનો, ગોડાઉન અને નાના-મોટા ઉદ્યોગોમાં પાણી ઘૂસી જતાં કરોડો નહીં પરંતુ અબજો રૂપિયાનું આર્થિક નુકસાન થયાનો વેપારીઓ અને સ્થાનિકો દાવો કરી રહ્યા છે.

દર વર્ષે પૂર બાદ ઉચ્ચસ્તરીય બેઠકો, સમીક્ષા, સરવે, નિષ્ણાતોની કમિટીઓ અને ખાડીઓની સફાઈના દાવા કરવામાં આવે છે. ખાડીપૂર નિવારણ માટે સમિતિઓની રચના કરવામાં આવી, કરોડો રૂપિયાના ખર્ચે ડી-સિલ્ટિંગ અને સફાઈના કામો પણ કરાયા હોવાના દાવા થયા, પરંતુ જમીન પર કાયમી પરિણામ જોવા મળ્યું નથી. પરિણામે દર ચોમાસે એ જ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ફરી સર્જાય છે. સ્થાનિકોનું કહેવું છે કે દર વર્ષે પૂર આવે છે, નુકસાન થાય છે. વરસાદી પાણીના નિકાલ, ખાડીઓના વિસ્તરણ, સ્ટોર્મ ડ્રેનેજની ક્ષમતા વધારવા અને નીચાણવાળા વિસ્તારો માટે લાંબા ગાળાની યોજના અંગે વર્ષોથી ચર્ચા થાય છે, પરંતુ અમલીકરણ અપેક્ષા મુજબ દેખાતું નથી. આ વખતે પણ અનેક પરિવારોને ઘરવખરી, વાહનો, દુકાનોનો માલ અને રોજગારી ગુમાવવાનો વારો આવ્યો છે. વેપાર-ઉદ્યોગને ભારે ફટકો પડ્યો છે અને સામાન્ય નાગરિકોનો પ્રશ્ન છે કે જો દર વર્ષે એક જ સમસ્યા સર્જાય છે તો તેનો કાયમી ઉકેલ હજુ સુધી કેમ આવ્યો નથી? ખાડીપૂર હવે કુદરતી ઘટના કરતાં વધુ શહેરી આયોજન અને પૂર વ્યવસ્થાપનની કસોટી બની ગયું છે. દર વર્ષે પુનરાવર્તિત થતી આ સ્થિતિ વચ્ચે હવે લોકો માત્ર સહાય નહીં, પરંતુ કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.

## ખાડીપૂરના પીડિતો

### દર વરસે દુકાનમાં માલ પલળી જાય છે: અશ્વિનભાઈ પટેલ



નાના વરાછાના અશ્વિનભાઈ પટેલ કહે છે કે, દર વર્ષે અમારી દુકાનમાં પાણી ભરાય છે. લાખો રૂપિયાનો માલ બગડી જાય છે. પલળેલો માલ કાંતો ફેંકી દેવો પડે છે અને અમુક માલ નુકસાન કરીને પાણીના ભાવે વેચી દેવો પડે છે. સરવે કરવા બધા આવે છે, પણ વરસાદ પહેલાં કોઈ પૂછવા આવતું નથી. હવે સહાય નહીં, કાયમી ઉકેલ જોઈએ. મારે નાના વરાછા વિસ્તારમાં કપડાંની દુકાન છે, છેલ્લા ત્રણ વર્ષથી નુકસાન સહન કરું છું.

### ખાડી પરના ગેરકાયદે બાંધકામો દૂર કરો: શેખ મુખ્તીયાર શબ્બીર અહમદ



રજાચોક હનુમાન શેરીમાં રહેતા શેખ મુખતીયાર જણાવે છે કે, દર વખતે ખાડીમાં પાણી આવે એટલે મારા ઘરમાં નુકસાન થાય છે. ખાડી ઉપર ગેરકાયદે દબાણ આવેલા છે અને સૌથી પહેલાં તે દૂર થવા જોઈએ. ખાડી ઊંડી થવી જોઈએ, જે ખાડીમાં ગટરના જોડાણ છે, એની અલગ વ્યવસ્થા કરવી જોઈએ. કચરાથી ખાડીની ઊંડાઈ પુરાઈ જાય છે, કચરાનો ખાડીમાંથી દર 3 મહિને નિકાલ થવો જોઈએ. ખાડીપૂરનું કાયમી નિવારણ આવવું જોઇએ.

### હજારો લોકો તંત્રના પાપે મુશ્કેલીમાં ને અધિકારીઓના પેટનું પાણી હલતું નથી: કાદીર શેખ (મીઠી ખાડી-બેઠી કોલોની)



મીઠી ખાડી, બેઠી કોલોનીના કાદીર શેખના કહેવા પ્રમાણે, દર વખતે અમારો વિસ્તાર ખાડીપૂરમાં ફસાઇ જાય છે. ઘરમાં પાણી આવે છે. આ વખતે છેલ્લા 48 કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં અમારા કોઈપણ વિસ્તારમાં પૂરેપૂરી સાફ-સફાઈ કરવામાં આવી નથી, લોકો બીમારીનો ભોગ બની ચૂક્યા છે, પરંતુ તંત્ર જાણે જાણીજોઇને સફાઇ ન કરતું હોય તેવું આ વખતે લાગી રહ્યું છે. અમારી એ જ વિનંતી છે કે સરકારે પોતાની જવાબદારી સમજીને લોકોની પીડા સાંભળવી જોઈએ, આવા ભ્રષ્ટ અધિકારીઓને સસ્પેન્ડ કરવા જોઈએ અને લોકોને તેમના નુકસાનનું વળતર ચૂકવવું જોઈએ.

### ઘરવખરી બચાવવી કે પરિવારને?: અશોકભાઇ પરમાર



સીમાડા વિસ્તારમાં રહેતા અશોકભાઈ પરમાર જણાવે છે કે, પૂર આવે એટલે પહેલાં પરિવારને બચાવવાની ચિંતા થાય છે. પરિવારને બચાવી તે દરમિયાન તો ઘરવખરી અને ખાધાખોરાકી પાણીમાં તબાહ થઇ જાય છે. પાણી ઉતર્યા પછી ઘર સાફ કરવામાં જ દિવસો નીકળી જાય છે. દર વર્ષે આ જ હાલત હોય તો તંત્રનુ આયોજન ક્યાં છે? તે સમજાતું નથી.

# કરોડોનો માલ પાણીમાં, હવે વેપારીઓ માટે નિકાલનો પડકાર

**વીમા** કંપનીઓએ હાથ ઊંચા કરતાં વેપારીઓની ચિંતા વધી

**સેકન્ડ** હેન્ડમાં વેચાણ અને ભંગારમાં નિકાલની કરવાની નોબત આવી

સુરતઃ શહેરમાં ભારે વરસાદ બાદ મીઠી, ભેદવાડ અને સીમાડા ખાડીઓ ભયજનક સપાટી વટાવી જતાં લિંબાયત, ઉધના, ડિંડોલી, ગોડાદરા, પરવટ પાટિયા, સારોલી, ભટાર રોડ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ખાડીપૂરની સ્થિતિ સર્જાઈ હતી. પૂરના પાણી બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોર સુધી ઘૂસી જતાં અનેક દુકાનો, ગોડાઉનો અને વ્યાપારી એકમોમાં કરોડો રૂપિયાના માલને નુકસાન પહોંચ્યું હતું. હવે પાણી ઓસર્યા બાદ હવે વેપારીઓ તેમનાં બગડેલા માલનો નિકાલ કેવી રીતે કરશે તે તેમનાં માટે સૌથી મોટો પડકાર બની ગયો છે. ગોડાદરા, પરવટ પાટિયા, સારોલી, વરાછા અને ભટાર રોડના અનેક માર્કેટોમાં વેપારીઓ નુકસાન પામેલા માલને બચાવવા દિવસ-રાત મહેનત કરી રહ્યા છે. પરંતુ ભીંજાયેલા માલને ફરી વેચવો મુશ્કેલ હોવાથી અનેક વેપારીઓને અડધી કિંમતે સેકન્ડ હેન્ડ તરીકે વેચાણ કરવું પડશે, જ્યારે ખાદ્ય ચીજો અને ઈલેક્ટ્રોનિક્સનો મોટો જથ્થો ભંગારમાં જ નિકાલ કરવો પડશે. વીમા કંપનીઓ દ્વારા પણ કુદરતી આફતના કારણો દર્શાવી ક્લેઈમ પ્રક્રિયામાં અનિચ્છા દર્શાવવામાં આવતાં વેપારીઓની મુશ્કેલી વધુ વધી છે. નુકસાન ઉપરાંત કર્મચારીઓના પગાર, દુકાનના ભાડા અને વ્યવસાય ફરી શરૂ કરવાની ચિંતા પણ વેપારીઓને સતાવી રહી છે.



### તહેવારો માટેનો તમામ સ્ટોક પાણીમાં બગડ્યો, માલ સૂકવવા અલગ જગ્યા ભાડેથી લેવી પડી



ગોડાદરા સ્થિત પોલારીઝ માર્કેટમાં વર્થી એન્ટરપ્રાઇઝ નામે હોલસેલ લેડીઝ ગારમેન્ટ્સનો વ્યવસાય કરતી કૃપાલીબેન સવાણીએ જણાવ્યું કે, તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને દુકાનમાં મોટા પ્રમાણમાં કુર્તી, લહેંગા-ચોળી, રો-મટીરિયલ તેમજ કોમ્પ્યુટર અને પ્રિન્ટર સહિતનો સ્ટોક રાખ્યો હતો. ખાડીપૂરના પાણીમાં બધો માલ બગડી ગયો છે. હાલ ભીંજાયેલા માલને સૂકવવા અલગ જગ્યા ભાડે રાખી છે. 70થી 80 કર્મચારીના પગારની જવાબદારી પણ છે. વીમા કંપનીએ પણ ક્લેઈમ અંગે હાથ ઊંચા કરતાં હવે નુકસાન પામેલા માલનો નિકાલ કેવી રીતે કરવો તે સૌથી મોટો પ્રશ્ન બની ગયો છે.

### કાપડના માલને ડ્રાય ક્લિનિંગ કરાવીને અડધી કિંમતે વેચવાની નોબત



પોલારીઝ માર્કેટમાં ઓનલાઈન તૈયાર કપડાંના ગોડાઉન ધરાવતા નરપતસિંહે જણાવ્યું કે, હાલ પણ ખાડીપૂરનાં પાણીનો નિકાલ ગોડાઉનમાંથી થયો નથી તથા સમગ્ર સ્ટોકને ભારે પ્રમાણમાં નુકસાન થયું છે. હવે માલને ડ્રાય ક્લિનિંગ કરાવીને પણ અડધી કિંમતે વેચવાની ફરજ પડશે. નુકસાનની ભરપાઈ થવાની કોઈ આશા દેખાતી નથી.

### કરિયાણાનો સામાન તાત્કાલિક કાઢવો પડશે, નહીં તો સડી જશે

ભટાર રોડ સ્થિત સંકલ્પ શોપિંગ સેન્ટરમાં વર્ધમાન એન્ટરપ્રાઇઝીસના વેપારી વિનય સંપતલાલ જૈને જણાવ્યું કે, દુકાન અને ગોડાઉનમાં રહેલી કરીયાણાની તમામ વસ્તુઓ પાણીમાં પલળી ગઈ છે. આ માલ ફરી ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. જો સમયસર નિકાલ નહીં કરવામાં આવે તો ફૂગ અને જીવાતના કારણે આખો જથ્થો સડી જશે. ખાડીપૂરના કારણે લાખો રૂપિયાનું નુકસાન થયું છે. કોમ્પલેક્સમાં સબ મર્સિબલ પંપથી પાણીનો નિકાલ કર્યા બાદ સ્વ ખર્ચે બુલડોઝર અને ડંપર મંગાવી બગડેલા તમામ અનાજનો નિકાલ ત્વરિત ગતિએ કરવો પડ્યો હતો.

### કંપનીએ માલ પરત લેવાનો ઇન્કાર કર્યો, હવે ભંગારમાં જ વેચવો પડશે

ભટાર રોડ પર બેઝમેન્ટમાં ઈલેક્ટ્રોનિક્સની દુકાન ધરાવતા દિનેશભાઈ સોલંકીએ જણાવ્યું કે, સિલિંગ ફેન, ટેબલ ફેન, ટ્યુબલાઇટ સહિતનો સમગ્ર સ્ટોક પાણીમાં ડૂબી ગયો હતો. કંપનીએ નુકસાન પામેલો માલ પરત લેવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. ગ્રાહકોના રિપેર માટે આવેલા સાધનોમાં નવા પાર્ટ્સ લગાવીને જ આપવાના રહેશે, જ્યારે બાકીનો ખરાબ થયેલો સામાન માત્ર ભંગારમાં જ વેચવાનો વિકલ્પ બચ્યો છે.

# મનપાએ 4 દિવસમાં 7,617 મેટ્રિક ટન કચરો ઉલેચ્યાનો દાવો

**અનેક** સોસાયટીઓમાં સફાઈ ટીમ પહોંચી ન હોવાની સ્થાનિકોની ફરિયાદ

સુરતઃ શહેરમાં મંગળવારે આવેલા પૂર બાદ રોગચાળો અટકાવવા માટે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સાફ-સફાઈ અને દવા છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. તંત્રના દાવા મુજબ, છેલ્લા 4 દિવસમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી કુલ 7,617 મેટ્રિક ટન કચરો ઉલેચવામાં આવ્યો છે. આ કામગીરી અંતર્ગત બુધવારે 808 મેટ્રિક ટન, ગુરુવારે 3,321 મેટ્રિક ટન, શુક્રવારે 2,370 મેટ્રિક ટન અને શનિવારે 1,118 મેટ્રિક ટન કચરો હટાવ્યો હતો. પૂરના પાણી ઓસર્યા બાદ લોકો પોતે પણ સાફ-સફાઈમાં જોડાયા છે, જ્યારે મનપાની ટીમો વધુ ગંદકી ધરાવતા વિસ્તારોને પ્રાથમિકતા આપીને કચરો હટાવવાની કામગીરી કરી રહી છે.

મનપા તંત્ર દ્વારા સતત મહેનત કરીને સાફ-સફાઈ કરવાનો દાવો કરાઈ રહ્યો છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે શહેરના અનેક મુખ્ય રસ્તાઓ પર હજુ પણ કચરાંના મોટા ઢગલાં જોવા મળી રહ્યા છે. સ્થાનિક નાગરિકોની ફરિયાદ છે કે પૂરના આટલા દિવસો બાદ પણ અનેક સોસાયટીઓમાં મનપાની સફાઈ ટીમ હજુ સુધી પહોંચી જ નથી, જેના કારણે ઘણા વિસ્તારોમાં હજી ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે અને લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આંકડાકીય વિગતો મુજબ, શહેરના તમામ ઝોનની કુલ 212 અસરગ્રસ્ત જગ્યાઓમાંથી મનપા 4 દિવસ બાદ માત્ર 178 સ્થળો પર જ સંપૂર્ણ સાફ-સફાઈ કરી શકી છે. તંત્ર દ્વારા અત્યાર સુધીમાં 178 સોસાયટીઓમાંથી કચરાંના ઢગલાં ઉપાડવામાં આવ્યા છે, 177 વિસ્તારોમાં 100% સફાઈ થઈ છે અને 118 સોસાયટીઓમાં સંપૂર્ણ સફાઈ કર્યા બાદ રસ્તાઓને પાણીથી ધોવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# 'વોટ આપ્યો છે તો શું થયું?' ધારાસભ્ય કુમાર કાનાણી સાથે ગરમાગરમી

**પૂરગ્રસ્ત** હાલતથી અકળાયેલા લોકોએ ધારાસભ્યને કર્યો, ફોન પર થયેલી વાતચીતનો ઓડિયો વાયરલ

સુરતઃ સુરત શહેરમાં 6 અને 7 જુલાઈના ભારે વરસાદ બાદ વરાછા રોડના હીરાબાગ સર્કલ નજીક આવેલા ઈશ્વર પેલેસ અને આસપાસના વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. પાણીના નિકાલમાં વિલંબ, લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાઈ જવો અને વહીવટી તંત્રની કામગીરી સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ દરમિયાન સ્થાનિકોએ પોતાના વિસ્તારના ધારાસભ્ય કિશોર કાનાણીને મદદ માટે ફોન કર્યો હતો. જોકે ફોન પર થયેલી વાતચીતમાં ધારાસભ્યના કેટલાક જવાબોને લઈને વિવાદ સર્જાયો છે. આ વાતચીતનો ઓડિયો-વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજકીય ચર્ચાઓ પણ તેજ બની છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ભારે વરસાદ બાદ વિસ્તારની આશરે 18 સોસાયટીઓમાં બપોરના બે વાગ્યાથી વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. પાણી ભરાવાને કારણે ઘરોમાં રસોઈ બનાવવી, પીવાનું પાણી મેળવવું અને દૈનિક જરૂરિયાતો પૂરી કરવી પણ મુશ્કેલ બની હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે લાંબા સમય સુધી પાલિકાનું કોઈ અધિકારી કે પાણી કાઢવા માટેનું મશીન સ્થળે પહોંચ્યું નહોતું. મોડી રાત્રે વિસ્તારના અગ્રણીઓએ ધારાસભ્ય કિશોર કાનાણીને ફોન કરીને વરાછા ઝોનના અધિકારીઓ સાથે વાત કરી તાત્કાલિક પાણી કાઢવા માટેનું મશીન મોકલવાની રજૂઆત કરી હતી. તે સમયે મોટી સંખ્યામાં રહેવાસીઓ સ્થળ પર હાજર હોવાથી ફોન સ્પીકર પર રાખવામાં આવ્યો હતો. સ્થાનિકોનો દાવો છે કે રજૂઆતના જવાબમાં ધારાસભ્યએ 'મશીન નહીં આવે' હોવાનું જણાવ્યું હતું. આ જવાબ સાંભળતાં જ ત્યાં હાજર લોકોમાં ભારે નારાજગી ફેલાઈ હતી અને વિરોધરૂપે લોકોએ તાળીઓ પાડી પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. ફોન પરની વાતચીત દરમિયાન સ્થાનિકો અને ધારાસભ્ય વચ્ચે મતદાન અને જનપ્રતિનિધિની જવાબદારી અંગે પણ ઉગ્ર દલીલ થઈ હતી. સ્થાનિકોએ જણાવ્યું હતું કે વિસ્તારમાંથી મોટી સંખ્યામાં મત મળ્યા હોવાથી મુશ્કેલીના સમયે મદદની અપેક્ષા રાખવી સ્વાભાવિક છે. આ દરમિયાન વાયરલ થયેલી વાતચીતમાં ધારાસભ્ય દ્વારા 'વોટ આપ્યો છે તો શું થયું ?' અને વોટિંગની વાત કરવાનો કોઈ મતલબ નથી જેવા શબ્દો ઉચ્ચારાયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ ટિપ્પણીઓ સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બની છે.

# શાસકોની અણઆવડતાના કારણે શહેરમાં પાણી ભરાયા: આપ

**2006ના** પૂર બાદ નિષ્ણાતોનાં સૂચનો અમલમાં મુકાયાં હોત તો હાલની સ્થિતિ સર્જાઇ ન હોત: મનોજ સોરઠિયા

સુરતઃ સુરતમાં ભારે વરસાદ અને ખાડીપૂર બાદ સર્જાયેલી સ્થિતિને લઈ આમ આદમી પાર્ટીએ ભાજપ સરકાર અને સુરત મહાનગરપાલિકાની કામગીરી સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ ઉપાધ્યક્ષ રામ ધડુક અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરીએ પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે, સુરતમાં સર્જાયેલી સ્થિતિ કુદરતી આપત્તિ કરતાં વધુ વહીવટી નિષ્ફળતાનું પરિણામ છે.

મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, વર્ષ-2006ના પૂર બાદ ફ્લડ વિભાગ, આઈઆઈએમ અમદાવાદ અને વર્લ્ડ બેંક સહિતની સંસ્થાઓએ સ્ટોર્મ ડ્રેનેજ સિસ્ટમ મજબૂત બનાવવી, વરસાદી પાણીના નિકાલની અલગ વ્યવસ્થા ઊભી કરવી, ખાડીઓ પહોળી અને ઊંડી કરવી, તળાવોનો વિકાસ કરવો અને વૈજ્ઞાનિક શહેરી આયોજન અમલમાં મૂકવા સહિતનાં અનેક સૂચનો કર્યાં હતાં. જો કે, છેલ્લાં 20 વર્ષમાં આ ભલામણોનો અસરકારક અમલ થયો નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે છેલ્લાં ત્રણ વર્ષથી સુરતની સ્ટોર્મ ડ્રેનેજ લાઇનોની સફાઈ કરવામાં આવી જ નથી, જેના કારણે પ્રથમ જ ભારે વરસાદમાં શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા. સોરઠિયાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે, વર્ષ-2007માં ઓક્ટ્રોય નાબૂદ થયા બાદ સુરતને મળવાપાત્ર ગ્રાન્ટનો સંપૂર્ણ હિસ્સો મળ્યો નથી અને શહેરના માળખાકીય વિકાસની સતત અવગણના કરવામાં આવી છે. પૂર બાદ શાસકો માત્ર સમીક્ષા બેઠકો અને મુલાકાતો સુધી મર્યાદિત રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**જોઈએ છે**
નામાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ. સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

**દુકાન માટે**
ઉત્સાહી છોકરી (FEMALE) જોઈએ છે. પાર્ટ/ ફુલ ટાઈમ (કોમ્પ્યુટર જાણકાર) શોભન ઈલેક્ટ્રીકલ્સ ગંગેશ્વર મહાદેવ રોડ અડાજણ. ફોન કરવાનો સમય- 11 થી 7. 9904064499

**વાપી ઝંડા ચોક**
વિસ્તારમાં કાપડની દુકાન પૂજા ટ્રેડિંગ કંપની માટે સેલ્સમેન જોઈએ છે. MO. 6353155112

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ભાડેથી જગ્યા આપવાની છે રોડ નં.-2, સચીન GIDC,માં. 5000 સ્કે. ફીટ, ગ્રાઉન્ડ ફ્લોર, 5000 સ્કે. ફીટ, પહેલો માળ, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ડિજીટલ પ્રિન્ટીંગ માટે પણ ઉપયોગી. દલાલોએ તસ્દી લેવી 96241 07000

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

પ્લોટ ફાયદાથી વેચવાનો છે આત્મીયવિલા સોસાયટી, કામરેજ Mo.9925024239

**''મફત કાનુની સહાય''**
''કોર્ટ કચેરી વિના નિ:શુલ્ક સમસ્યાનું સમાધાન મેળવો.'' અખિલ હિંદ મહિલા પરિષદ સુરત શાખા મો. નં ૯૪૦૯૪-૮૨૬૬૩ (205)

**હિંચકાના કડાં**
તોડફોડ વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટડ ફીટીંગ- 8460222292, 8460222282

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

જોઇએ છે આર. એમ. ઓ. (લેડી) ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ સિસ્ટર - 2 એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી આયા માસી - 2 ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત. 9727711567

**સુરત ઘોડદોડ રોડ**
પર પેઈન ગેસ્ટમાં રહેવા જેન્ટ્સ મળો, એસી, જમવાનું, ચા, નાસ્તાની સુંદર સગવડ, 9978867220

**રિનોવેશન, જૂનું મકાન**
તોડી નવું મકાન, પ્લાસ્ટર, કલર, દરેક ભેજ દિવાલ, ટાંકી, વોટર પ્રૂફિંગ, દરેક પ્રકારનું મકાનના ચણતર કામો વ્યાજબી ભાવે કરી આપીશું, 9978867220

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

10x30 દુકાનો ભાડેથી આપવાની છે 90x110 ફુટનો શેડ ભાડેથી આપવાનો છે દલાલોએ તસ્દી લેવી જય રાધે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (સચીન) 96241 07000

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**તાકીદે વેચવાનું**
છે 92 વારનું મકાન આનંદ મહાલ રોડ આકર્ષક કિંમત મો 8460227144

**વેચવાનો છે**
ખુલ્લો પ્લોટ, કિમ, નવાપુરા પાટિયા પાસે, Mo: 9157944994

**અરજન્ટ**
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156 (206)

પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે. 380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે 460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે 9712979399

**ખેડૂત બની શકે**
તેવો નાનો ટુકડો (જમીન) વેચવી છે વાંઝણા ગામ, ખારેલ ચોકડી નજીક, ચીખલી પાસે, 7/12 વાળા, 9763718010, 9374718010

**પ્લોટ વેચવાનો છે**
કીમ, કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

જમીન વેચવાની છે ભરૂચ-વડોદરા જિલ્લામાં જમીન વેચાણ કેમિકલ ઝોન, રેડઝોન, ફાર્મા, તથા બલ્ક ડ્રગ લાયક જમીન 1500000/- લાખ SqFt. Rs. 130/- Per SqFt. N.A. NOC. ECP ચેનલ સાથે બ્રોકર 9408437720

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**અડાજણમાં**
પોષ લોકેશનમાં મહીને બે લાખ આવક આપતી દુકાન વેચવાની 700 સુપર બીલ્ડઅપ 1.75 CR. 91576-22115

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ક્ષેત્રપાળ ટૂર્સ**
(ચોક્કસ ઉપડશે. સ્લીપર બસ દ્વારા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 04-08, 05-09, 27-09) (કલકતા , ગંગાસાગર, જગન્નાથપુરી 10-09, 12-11)(કોલ્હાપુર, મહાલક્ષ્મી, ગોવા, ગણપતિપુલે, મહાબળેશ્વર 27-09) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, રામેશ્વર, તિરૂપતિ 15-08) (ફક્ત હૈદરાબાદ, શ્રીશૈલમ 10-09) (નેપાળ, પોખરા, કાઠમંડુ, વારાણસી 06-09, 13-11) (અયોધ્યા, વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 26-09) (સ્પેશિયલ કેરાલા 05-11, 11-11, 14-11) (દિવાળી વેકેશન બુકિંગ ચાલુ) સુરેશભાઈ પુરોહિત. 9825105053.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 15/8, 9/9, 22/9, 6/10 (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિંલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગેરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલક્ત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934. નોંધ- દિવાળી પ્રવાસોનું બુકીંગ શરૂ થઈ ગયું છે.

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.